# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 03-08-2024 સવાર : 9.00 થી 9.10

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

*******************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં કૃષિ અર્થશાસ્ત્રીઓની 32મી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરશે
- આકારણી વર્ષ 2024-25 માટે 31 જુલાઇ સુધી સાત કરોડ 28 લાખ આઇટી રિટર્ન ભરાયા
- અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિપદની ઉમેદવારી પ્રાપ્ત કરી
- આજે ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કોંકણ અને ગોવામાં ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર
- ભારત-શ્રીલંકા વચ્ચે શ્રેણીની પ્રથમ વન ડે મેચ રોમાંચક ટાઇમાં પરિણમી
- લક્ષ્ય સેન ઓલિમ્પિકમાં પુરુષ સિંગલ્સ સેમિફાઇનલમા પ્રવેશનાર પ્રથમ બેડમિન્ટન ખેલાડી

*******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM-AGRI CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં કૃષિ અર્થશાસ્ત્રીઓની 32મી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરશે અને ઉપસ્થિત પ્રતિનિધીઓને સંબોધન કરશે. 65 વર્ષ બાદ આ પરિષદ ભારતમાં યોજાઈ રહી છે.

દર ત્રણ વર્ષે યોજાતી આ પરિષદમાં સાતત્યપૂર્ણ કૃષિ પધ્ધતિ પર ભાર મૂકવામાં આવશે. તેનો હેતુ જળવાયુ પરિવર્તન, કુદરતી સંસાધનોનું ધોવાણ, વધતો જતો ઉત્પાદન ખર્ચ અને સંઘર્ષો જેવા વૈશ્વિક પડકારોને જોતાં સાતત્યપૂર્ણ કૃષિ પર ભાર મૂકવાનો છે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, 50 હજાર કરોડ રૂપિયાનાં ખર્ચે આઠ નેશનલ હાઇ-સ્પીડ રોડ કોરિડોર પ્રોજેક્ટ્સને કેન્દ્રીય મંત્રીમંડળને મંજૂરીથી દેશની આર્થિક વૃધ્ધિને વેગ મળશે અને રોજગારની તકોમાં વધારો થશે. સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે આ નિર્ણયથી એક ભારત પ્રત્યે સરકારની પ્રતિબધ્ધતા સ્પષ્ટ થાય છે.

---

- પુલ, અનિલ, નવિન

# CENTRAL ESA NOTIFICATION

કેન્દ્ર સરકારે ગુજરાત સહિત 6 રાજ્યોનાં 56 હજાર 800 ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારને ઇકોલોજીકલ સંવેદનશીલ વિસ્તાર તરીકે જાહેર કર્યા છે. અન્ય રાજ્યોમાં મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ અને તમિલનાડુનો સમાવેશ થાય છે.

એક જાહેરનામામાં સરકારે સ્થાનિકોને 60 દિવસની સમય મર્યાદામાં esz-mef@nic.in પર ઈમેલ દ્વારા વાંધા સૂચનો રજુ કરવા જણાવ્યું છે. નોંધનીય છે કે, ઇકોલોજીકલ સંવેદનશીલ વિસ્તાર જાહેર થવાથી આ વિસ્તારોમાં ખાણખનીજની પ્રવૃતિઓ પર પ્રતિબંધ લાગશે.

---

- પુલ, સરફરાઝ નાગોરી નવિન

# IT RETURN

આકારણી વર્ષ 2024-25 માટે 31મી જુલાઈ સુધી રેકોર્ડ 7.28 કરોડ આવકવેરા રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે.. નવી કર વ્યવસ્થામાં 5.27 કરોડ આવકવેરા રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે.. 31 જુલાઈના રોજ એક જ દિવસે 69.92 લાખથી વધુ ઈન્કમટેક્ષ રીટર્ન ફાઇલ કરવામાં આવ્યા હતા..જેમાં 31 જુલાઇ સુધીમાં આવકવેરા રિટર્ન પ્રથમ વખત ફાઇલ કરનારા 58.57 લાખ કરદાતા સામેલ છે..

ગત આકારણી વર્ષના કુલ આવકવેરા રિટર્ન કરતા 7.5 ટકા વધુ છે.

---

- રીપીટ

# KERALA-WAYANAD UPDATE

કેરળના ભૂસ્ખલનગ્રસ્ત વાયનાડ જિલ્લામાં શોધ અને બચાવ અભિયાન આજે ફરી શરૂ કરાશે. અસરગ્રસ્ત વિસ્તારને છ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે અને સશસ્ત્ર દળોની 40 ટીમો, રાષ્ટ્રીય આપત્તિ બચાવ દળ NDRF અને અન્ય એજન્સીઓ ઓપરેશન માટે તૈનાત કરવામાં આવી છે. ગઈકાલે કાટમાળમાંથી 14 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા.

વાયનાડમાં મંગળવારે થયેલા ભૂસ્ખલનમાં ત્રણસોથી વધુ લોકોના મોત થયા છે. 17 રાહત શિબિરોમાં અઢી હજારથી વધુ લોકોને રાખવામાં આવ્યા છે. દરમિયાન, આ વિસ્તારની મુલાકાત  લેનાર કેબિનેટ સબ-કમિટીએ સામાન્ય લોકોને રાહત શિબિરોમાં રહેતા લોકોને મળવાનું ટાળવાની અપીલ કરી છે.

---

- પુલ, જયેશ વેગડા  નવિન

# PRESIDENT FORAIN TOUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ મહિનાની 5 થી 10 તારીખ સુધી  ફિજી, ન્યુઝીલેન્ડ અને તિમોર-લેસ્ટેની મુલાકાતે લેશે.

ગઈકાલે નવી દિલ્હી ખાતે વિદેશ મંત્રાલયમાં પૂર્વીય બાબતોના સચિવ જયદીપ મજુમદારે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ભારતના રાષ્ટ્રપતિની ફિજી અને તિમોર-લેસ્ટે દેશની આ પ્રથમ મુલાકાત હશે.

શ્રી મજમુદારે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક્ટ ઈસ્ટ નીતિ પર ભાર મૂક્યો ત્યારથી ભારતનું વિશેષ ધ્યાન દક્ષિણ પૂર્વ એશિયા અને પ્રશાંત ક્ષેત્ર પર છે અને આ ત્રણેય  આ ત્રણેય દેશો એક્ટ ઈસ્ટ પોલિસી હેઠળ આવતાં હોવાથી રાષ્ટ્રપતિની આ યાત્રાનું વિશેષ મહત્વ રહેલું છે.

રાષ્ટ્રપતિ મુર્મુ પ્રથમ તબબકામાં  5 થી 7 ઓગસ્ટ સુધી ફિજીમાં રહેશે. જ્યાં તેઓ ફિજીના રાષ્ટ્રપતિ કેટોનીવેરે અને પ્રધાનમંત્રી સિટિવેની રાબુકા સાથે મુલાકાત કરશે. સુશ્રી મુર્મુ ફિજીની સંસદને સંબોધશે તેમજ ત્યાં  રહેતા ભારતીયો સાથે પણ વાર્તાલાપ કરશે. જયારે બીજા તબક્કામાં 8 અને 9 ઓગસ્ટે ન્યૂઝીલેન્ડમાં હશે.

શ્રી મજુમદારે જણાવ્યું હતું કે ન્યુઝીલેન્ડની તેમની મુલાકાત દરમિયાન તેઓ ગવર્નર જનરલ સિંદિકીરો સાથે બેઠક કરશે અને પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સટનને મળશે. શ્રીમતી મુર્મુ વેલિંગ્ટનમાં આંતરરાષ્ટ્રીય શિક્ષણ પરિષદને સંબોધશે. અંતિમ તબક્કામાં રાષ્ટ્રપતિ મુર્મુ 10 ઓગસ્ટે તિમોર-લેસ્ટેની મુલાકાત લઇ તિમોરનાં  રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે બેઠક કરશે.

---

- પુલ, પુલ- સરફરાઝ નાગોરી  નવિન

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# HEALTH MINISTRY-DENGUE

કેન્દ્રિય આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ગુજરાત સહિત નવ સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાં  ડેન્ગ્યુના નિવારણ અને વ્યવસ્થાપન માટે આરોગ્ય તૈયારીઓની સમીક્ષા કરી હતી.

આરોગ્ય સચિવે કહ્યું કે દેશમાં ડેન્ગ્યુના કારણે મૃત્યુદર 1996માં 3.3 ટકાથી ઘટીને 2023માં 0.17 ટકા થયો છે. શ્રી ચંદ્રાએ ડેન્ગ્યુના અસરકારક નિવારણ અને નિયંત્રણ માટે વિવિધ  હિતધારકો વચ્ચે સહકાર પર ભાર મૂક્યો હતો. રાજ્યો અને નગરપાલિકાઓને પણ ડેન્ગ્યુના સમયસર નિવારણ માટે સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી હતી. તેમણે ચેપના દૃષ્ટિકોણથી સંવેદનશીલ સ્થળોને ઓળખવા, જંતુના વાહકોને નિયંત્રિત કરવા માટે દેખરેખ વધારવા અને દર્દીઓના જીઓ ટેગિંગની પણ સલાહ આપી.

આ બેઠકમાં નવ રાજ્યો - દિલ્હી, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના સચિવો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ, બેંગલુરુ, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ અને મુંબઈ સહિત 18 મહાનગર પાલિકાના પ્રતિનિધિઓએ પણ તેમાં ભાગ લીધો હતો. કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને  મહારાષ્ટ્રમાં સૌથી વધુ ડેન્ગ્યુના દર્દીઓ નોંધાયા છે.

---

- પુલ / જયેશ વેગડા  નવિન

# US-DEMOCRAT NOMINEE

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિ પદ માટેના ઉમેદવાદ તરીકે પૂરતા મત મેળવી લીધા છે. ડેમોક્રેટિક નેશનલ કમિટીના ચેરમેન જેમી હેરિસને ગઈકાલે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે શ્રીમતી હેરિસને ડેમોક્રેટિક પ્રતિનિધિઓ તરફથી  રાષ્ટ્રપતિ માટે પક્ષ તરફથી ઉમેદવાદ બનવા માટે પૂરતા મત મળ્યા છે.

કમલા હેરિસને અંદાજે ચાર હજાર પ્રતિનિધિઓમાંથી બે હજાર ત્રણસો પચાસ પ્રતિનિધિઓના મત મળ્યા હતા. ગયા મહિને, રાષ્ટ્રપતિ જો બાઈડેન ચૂંટણી જંગમાંથી ખસી ગયા બાદ કમલા હેરિસ ડેમોક્રેટિક પાર્ટીના એકમાત્ર ઉમેદવાર હતા. આ મહિનાના  અંતમાં શિકાગોમાં પક્ષના સત્તાવાર ઉમેદવાર તરીકે કમલા હેરિસની જાહેરાત કરવામાં આવશે.

શ્રીમતી હેરિસે કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ માટે ડેમોક્રેટિક ઉમેદવાર તરીકે ચૂંટાવા બદલ તેમને ગર્વ છે.

---

પુલ / જયેશ વેગડા

- નવિન

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, કોંકણ અને ગોવામાં ભારે વરસાદ થવાની આગાહી સાથેનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. રાજસ્થાન, ઉત્તરાખંડ, પશ્ચિમ રાજસ્થાન, પશ્ચિમ બંગાળના ઉપ-હિમાલયી ક્ષેત્ર, બિહાર અને ઉત્તર પૂર્વ વિસ્તારોમાં આગામી ચાર દિવસ દરમિયાન ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

પશ્ચિમ બંગાળ અને ઝારખંડ પર હવાના હળવા દબાણનું ક્ષેત્ર અને ચક્રવાત બન્યું છે. જે આગામી 48 કલાક દરમિયાન સમગ્ર ઝારખંડ, દક્ષિણ-પૂર્વ ઉત્તર પ્રદેશ, પૂર્વ મધ્ય પ્રદેશ અને ઉત્તર છત્તીસગઢમાં પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધે તેવી શક્યતા છે.

---

પુલ / જયેશ વેગડા, નવિન

# CRICKET

ભારત અને યજમાન શ્રીલંકા વચ્ચે ગઈ કાલે રાત્રે કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલી શ્રેણીની પ્રથમ વન-ડે રોમાંચક ટાઈમાં પરિણમી હતી. 231 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે 47.5 ઓવરમાં તમામ વિકેટો ગુમાવીને 230 રન કર્યા હતા. કેપ્ટન રોહિત શર્માએ 47 બોલમાં 58 રન, અક્ષર પટેલે 57 બોલમાં 33 રન અને કેએલ રાહુલે 43 બોલમાં 31 રન કર્યા હતા. વાહિન્દુ હસારંગા અને ચરિથ આસાલંકાએ ત્રણ ત્રણ વિકેટ લીધી હતી.

અગાઉ, ટોસ જીતીને પ્રથમ બેટિંગ લેતા શ્રીલંકાએ 50 ઓવરમાં આઠ વિકેટે 230 રન કર્યા હતા. ડ્યુનિથ વેલ્લાલાગે 65 બોલમાં 67 રન કરીને અણનમ રહ્યા હતા, જ્યારે પાથુમ નિસ્સાકાએ 75 બોલમાં 56 રન કર્યા હતા. અર્શદીપ સિંહ અને અક્ષર પટેલે બે-બે વિકેટ લીધી હતી.

ડ્યુનિથ વેલ્લાલાગેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. શ્રેણીની બીજી મેચ આવતી કાલે કોલંબોમાં રમાશે.

---

- પુલ, અનિલ, નવિન

# OLYMPICS-FEATS

પેરિસ ઓલિમ્પિકમાં ગઈ કાલે સાતમા દિવસે ભારતના ખેલાડીઓએ વિવિધ રમતમાં સુંદર દેખાવ કર્યો હતો. બેડમિન્ટનમાં લક્ષ્ય સેને ઓલિમ્પિકમાં પુરુષ સિંગલ્સ સેમિફાઇનલમાં પ્રવેશનાર પ્રથમ ભારતીય શટલર બનીને ઇતિહાસ સર્જયો છે. લક્ષ્યએ ગઈ કાલે ચાઇનિઝ તાઇપેઇના 12મા ક્રમાંકિત ચોઉ ટિયેન ચેનને ક્વાર્ટર ફાઇનલમાં પરાજય આપ્યો હતો. શુટિંગમાં મનુ ભાકર મહિલાઓની 25 મીટર પિસ્ટલ સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ્યા છે.

પુરુષ હોકીમાં ભારતે ગ્રૂપ સ્ટેજની અંતિમ મેચમાં ઓસ્ટ્રેલિયાને 3-2થી પરાજય આપ્યો હતો. ઓલિમ્પિકમાં ઓસ્ટ્રેલિયા સામે 52 વર્ષ બાદ ભારતનો આ પ્રથમ વિજય હતો. આવતી કાલે ક્વાર્ટર ફાઇનલમાં ભારતનો મુકાબલો ગ્રેટ બ્રિટન સામે થશે.

તિરંદાજીમાં ધીરજ બોમ્માદેવરા અને અંકિતા ભકતની જોડી ચોથા ક્રમે આવતા કાંસ્ય ચંદ્રક ચૂકી ગઈ હતી. એથ્લેટિક્સમાં મહિલાઓની 5000 મીટર સ્પર્ધામાં પારુલ ચૌધરી અને અંકિતા ધ્યાની ફાઇનલ રાઉન્ડમાં ક્વોલિફાય કરવામાં નિષ્ફળ ગયા હતા.

આજે મનુ ભાકર અને નિશાનેબાજી, તિરંદાજીમાં દિપીકા કુમારી, ભજન કૌર અને બોક્સિંગમાં નિશાંત દેવ ચંદ્રક મેળવવા સ્પર્ધા કરશે. ગોલ્ફ અને સેઇલિંગમાં પણ ભારતીય ખેલાડીઓ હરીફાઇ કરશે.

---

- પુલ, અનિલ પટેલ, નવિન